પ્રાપ્ત કર્યા છે.

**પ્ર. ૨૩. ગીતામાં ઉપદેશેલી જીવનકળા વિશે વિસ્તૃત નિબંધ લખો.**

ઉ. ૨૩. ''જીવનમાં મોહ અને કસોટીના પ્રસંગોએ અચૂક માર્ગદર્શન કરી શકે તેવા શાસ્ત્રગ્રંથની જરૂર મને મારા બાળપણમાં જણાઈ. મેં ક્યાંક વાંચ્યું હતું કે ગીતાના માત્ર સાતસો શ્લોકોમાં સર્વ શાસ્ત્રો તેમ જ ઉપનિષદોનો સાર ગ્રથિત કરવામાં આવ્યો છે. ગીતા વાંચતા આવડે એટલે હું સંસ્કૃત શીખ્યો. આજે ગીતા મારું બાઈબલ કે કુરાન જ નહિ, એ કરતાં યે અધિક સાક્ષાત્ મારી માતા બની રહેલ છે.'' ગાંધીજીના આ સુપ્રસિદ્ધ કથનમાં, તેમજ બીજા પણ અનેક ગીતાપ્રેમીઓના ઉદ્‌ગારોમાં વારંવાર પ્રદર્શિત થયું છે કે ગીતા માત્ર મોક્ષ મેળવવા માટેનો ગ્રંથ નથી. તેનો મુખ્ય નાતો જીવનની પોતાની સાથે છે. જીવનમાં માણસ અનેકવાર મોટી વિટંબણાઓમાં, ન ઊકેલી શકાય તેવી આંટીઘૂંટીઓમાં ફસાઈ જાય તેવો સંભવ છે; અને માણસ મૂંઝાઈ જાય, તેને દિશાસૂઝ ન રહે તેવી પરિસ્થિતિઓ ઊભી થાય છે. આ બધી વખતે ગીતા માણસના મન ઉપર એવો ચમત્કાર કરી નાખે છે કે તેની દૃષ્ટિ સાફ થઈ જાય છે, જીવનની બધી જ આંટીઘૂંટીઓ એક સુરેખ કલાકૃતિનું સ્વરૂપ ધારણ કરે છે અને માણસ

જરાય વ્યગ્રતા અનુભવ્યા વગર જીવનની બધી જ સંકુલતામાં વ્યવહરી શકે છે. આવો અનુભવ અનેક જીવનપથિકોને ગીતામાં કરેલા અવગાહનથી મળ્યો છે.

જીવન એવું અટપટું છે કે કોઈ એક ચાવી બધા સમય દરમિયાન બધા માણસોને માટે જીવનના રહસ્યને ઉઘાડી શકતી નથી. ક્રોધ કરવાથી જીવનમાં સફળ બનાશે તેવું સદૈવ સાચું નથી. ક્રોધ ન કરવો એ ધર્મ હોઈ શકે તો ક્યારેક ક્રોધ કરવો તે પણ ધર્મ હોઈ શકે. કયા વખતે શું કરવું તે નક્કી કરવું હંમેશાં સહેલું હોતું નથી.

જીવન અત્યંત સંકુલ છે અને વિરોધોની વચ્ચે જ પ્રવર્તે છે. જીવનમાં માત્ર વિરોધી પ્રકૃતિવાળા કે વિરોધી સંસ્કારોવાળા સ્વાર્થલોલુપ માણસોમાં જ આપસઆપસમાં સંઘર્ષ હોય છે તેમ નથી, પરંતુ સૂક્ષ્મતાથી જોઈશું તો જણાશે કે જીવનનું સમગ્ર સ્વરૂપ જ વિરોધી તત્ત્વોનું બનેલું છે. અહીં માણસો સાથે સાથે રહે છે, છતાં તેમની ગતિઓ જુદી જુદી અને ઘણીવાર પરસ્પર વિરોધી હોય. અહીં જીવન અને મૃત્યુ, જડ અને ચેતન, સ્થિતિ અને ગતિ, સંયોગ-વિયોગ, પ્રકાશ અને અંધકાર એકસાથે પ્રવૃત્તિ કરે છે. તેમાંનું એક પણ બીજા વિરોધી તત્ત્વ વગર સંભવી શકતું જ નથી. જીવન જીવનાર કોઈ પણ માણસ મૃત્યુથી મુક્ત નથી. વસ્તુતઃ તો જ્યારે તે જીવી રહ્યો છે, ત્યારે જ તે મરી રહ્યો છે એમ પણ કહી શકાય. આમ છતાં તે એકને નકારે અને બીજાને સ્વીકારે તો બંને નકારાઈ જતાં હોય છે. મૃત્યુની કલ્પના વગર જીવન જ બનતું નથી, તો મૃત્યુ પણ જીવિતને જ હોય છે. આ જ પ્રમાણે, જડ અને ચેતન તદ્દન વિરોધી હોવા છતાં બંનેને પરસ્પરથી જુદા પાડી શકાતા નથી. તેવી જ રીતે કોઈ પણ સ્થિતિ ગતિ વગરની હોતી જ નથી, તો કોઈ પણ ગતિ સ્થિતિ વગર સંભવતી નથી.

આ રીતે જોઈએ તો લાગશે કે જીવનમાં વિરોધી બળોની સામસામી પ્રવૃત્તિઓને લીધે સભાન માણસને ક્યારેય જંપ મળે જ નહિ. जीवो जीवस्य जीवनम् કહેનારાએ તો લગભગ એમ જ કહ્યું છે કે અહીં કોઈ એક રેખા બીજી રેખાને છેદીને જ ચાલે છે. માણસોને જ્યારે જીવન ભૂલભૂલામણી જેવું લાગે છે, ભવાટવી દુર્ગમ લાગે છે, ત્યારે તેના ત્રાસનું કારણ વિરોધી બળોની સામસામી દિશાની પ્રવૃત્તિઓ જ હોય છે.

જીવન આવું ભીષણ અને સંકુલ હોવા છતાં ગીતાએ તો તેમાં પણ માણસની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત રહી શકે, માણસ પ્રસન્નાત્મા રહી શકે તેવી વાત કરી છે; અને તે પણ જીવનની વચ્ચે રહીને જ, કોઈ પણ વિરોધી બળના વિરોધના જુસ્સાને ટાળ્યા વગર. ગીતાએ એકબીજાને છેદતી રેખાઓથી ભરચક ચિત્રમાં એક એવો છેડો માણસને શોધી આપ્યો છે, જ્યાંથી બધી રેખાઓ સંવાદમાં લાગે !

જીવન અને મૃત્યુ કે જડ અને ચેતન એકબીજાનાં વિરોધી છે જ. પરંતુ આ બંને વિરોધી બિંદુઓ એક ત્રીજા બિંદુથી સંવાદી બની જાય છે. બે વિરોધી બાબતો જે ત્રીજા મુદ્દાથી સુમેળમાં આવી જાય છે તે ત્રીજા પરિમાણની શોધ ગીતાની વિશિષ્ટતા છે. આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ ગીતાના પુરુષોત્તમયોગ નામના ૧૫મા અધ્યાયમાં છે. ભગવાને ક્ષર-અક્ષર આ બે વિરોધી પુરુષોને ગણાવ્યા પછી કહ્યું કે उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।

ઉત્તમ પુરુષ તો ત્રીજો છે, જેને પરમાત્મા પણ કહેવાય છે. ક્ષર અને અક્ષર પરમાત્માની પ્રકૃતિ છે; પરંતુ પરમાત્મા કેવળ ક્ષર કે કેવળ અક્ષર નથી. જો પરમાત્મા ક્ષર હોત તો અક્ષર હોઈ શકત નહિ. આમ, એક ત્રીજા પરિમાણની અપેક્ષાએ જીવનનાં વિરોધી બળો સામંજસ્ય ધારણ કરે છે અને જીવન કલાનું સ્વરૂપ ધારણ કરે છે.

જીવનમાં સફળ થવા માટે માણસમાત્રે પેલા ત્રીજા બિંદુ અર્થાત્ પુરુષોત્તમની સાથે યોગ કરવો જોઈએ. એટલે કે પુરુષોત્તમ બની જવું જોઈએ. એકવાર આવો યોગ થઈ જાય પછી શરીરમાં આત્માનું ઉત્ક્રમણ થયું હોય કે તે સ્થિર રહેતો હોય- કોઈ ક્રિયાની અસર માણસ ઉપર થશે જ નહિ. બધી જ ગતિ અને સ્થિતિનો સંવાદ સધાઈ જશે. ગીતાના ૧૫મા અધ્યાયમાં આ રીતે જે તાત્ત્વિક છતાં કલાત્મક ભૂમિકા ઉપર ગીતાના લોકપ્રિય ઉપદેશની માંડણી થઈ છે તેનું નિદર્શન કરાવવામાં આવ્યું છે. આને લીધે જ ગીતાનો એ અધ્યાય લોકપ્રિય નીવડે છે.

કલાકાર પણ આવું જ કરતો હોય છે. કોઈપણ બે સ્વરો પોતપોતાની રીતે મેળ વગરના જુદા લાગે, પરંતુ તેમનો ષડ્જ એક જ હોય તો તે સંવાદી બની જાય છે. સંગીતના વિવિધ પલટાઓ એ એક જ ષડ્જમાંથી નીકળતા હોય ત્યાં સુધી સંગીત કલાત્મક-સૂરીલું લાગે છે; નહિ તો તે બેસૂરું છે, સંગીત જ નથી.

પરંતુ આ ષડ્જને શોધવો શી રીતે ? અથવા વિભિન્નતાઓની વચ્ચે પ્રવર્તતા પેલાં શાશ્વતને પકડવો શી રીતે ? આ માટે ગીતામાં અનેકવિધ ઉપાયો બતાવ્યા છે. ગીતા કહે છે : कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन- કર્મ કરવાં, પણ ફળની આશા રાખવી નહિ. નિષ્કામભાવે- અનાસક્તિથી કર્મો કરવાં તેનો જ તાત્ત્વિક અર્થ 'અહંકારનો ત્યાગ કરવો' એ છે. અહંકારનો ત્યાગ તો જ થઈ શકે જો માણસ પોતાની ક્ષુદ્ર અહંતામાંથી મુક્ત થઈ બ્રહ્મમાં-સાર્વકાલિકમાં પોતાનો લય કરે- પોતાનું નિર્વાણ કરે.

આમ કરવા માટે ગીતાએ કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, ધ્યાનયોગ વગેરે અનેક માર્ગો સૂચવ્યા છે. માર્ગો તરીકે આ બધા ભિન્ન ભિન્ન લાગે છે. ભિન્ન ભિન્ન શરીર અને મનની સંપત્તિવાળાઓને માટે ભિન્ન ભિન્ન માર્ગો જરૂરી પણ છે. આમ છતાં છેલ્લે તો એક અભિન્નની શોધમાં જ તેમને પ્રવર્તાવવાના છે. એ અભિન્નમાં સંસારની બીજી બધી ભિન્નતાઓની સાથે સાથે માર્ગોની પણ ભિન્નતાઓ ભ્રામક બની જાય છે. એટલે જ ગીતાએ અમુક કે તમુક માર્ગનો ઉપદેશ આપ્યો છે તેમ કહેવું કે અમુક અધ્યાયમાં આ માર્ગનો અને બીજા અધ્યાયમાં બીજા માર્ગનો ઉપદેશ આપ્યો છે તેમ કહેવું તે ગીતાને સમજવાની અશક્તિ જ સૂચવે છે.

આ અર્થમાં જ જેમ ગીતાએ મૃત્યુને નકાર્યું નથી, તેમ તેણે જીવનને પણ નકાર્યું નથી. જીવનના બધા જ સૌન્દર્ય સાથે જીવનનો તેણે સ્વીકાર કર્યો છે. જીવનનો નિષેધ કરનારને ગીતાએ નિંદેલો છે. ગીતા કહે છે : नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः વગેરે, તથા कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः । मां चैवान्तः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान्.- આ જ અર્થમાં ગીતાએ શાંતિને જેટલી સત્કારી છે તેટલું જ યુદ્ધના ઘોર કર્મને પણ સ્વાભાવિક ગણ્યું છે. કોઈ એક જ બાજુનો આગ્રહ ગીતાને અભિપ્રેત નથી.

CamScanner

આ રીતે ગીતા એક પરમસંવાદનું પુસ્તક છે તે તરત જ પ્રતીત થશે. ગીતામાં નારાયણ રૂપ કૃષ્ણ અને નરરૂપ અર્જુનનો જ સંવાદ ચાલે છે અને છેલ્લે તે પૂરેપૂરો સધાય છે એટલું નહિ પણ ગીતામાં જીવન અને મૃત્યુનો, શાંતિ અને યુદ્ધનો, શાશ્વત અને અશાશ્વતનો સંવાદ સધાયો છે. આવા ગ્રંથમાં સાંખ્ય અને યોગ, કે કર્મ અને જ્ઞાન અથવા બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્ર પણ શાના જુદા રહી શકે ? માણસમાત્રની સંવાદ માટેની તાલાવેલી અહીં પરિસમાપ્ત થઈ જાય છે.

જીવન જીવવું છતાં તેની આંટીઘૂંટીમાં ફસાવું નહિ, કર્મ કરવાં- ઘણીવાર હિંસક લાગે તેવાં કર્મો કરવાં - છતાં બંધનમાં આવવું નહિ, ભીષણ પ્રવૃત્તિ વચ્ચે નિવૃત્તિનો અનુભવ કરવો- આ બધાની કળા, ઉપર જણાવ્યું તેમ, ગીતાએ ઉપદેશેલી છે.

CamScanner